સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

આતંકી પીઠબળે પાકિસ્તાન 'મદ'માં રાચે છે,
ચીનાનું છે એ પાળેલું પીઠ્ઠું, એને ખીલે નાચે છે!
યાચે છે રશિયા સ્પષ્ટ વિદેશનીતિ, દૂધ કે દહીં?!
સ્વાર્થી ઓબામા, શસ્ત્રો વેચવામાં મદદ ઘાંચે છે..
(આપણી અસ્પષ્ટ વિદેશનીતિ-ચિંતાજનક)

હાઈકુ

મૂષકો મળ્યા!
આઈએસને ઘંટ -
બાંધશે કોણ?!
(નજર રાખી, જડબાતોડ જવાબ દ્યો!!)

દૂધ પાઈને -
ઉછેર્યો અનામત -
મુઝકો મ્યાઉં?!
(રાજકારણની બિલ્લી)

ચિંતન

યદ્યદેવ હિ વાંછેત તતો વાંછા પ્રવર્તતે । પ્રાપ્ત એવાર્થતઃ સો અર્થો યથા વાંછા નિવર્તતે ॥

'આપણે જે જે પદાર્થોની ઈચ્છા કરતા જઈશું તેમ તેમ તે પદાર્થો મળતા જશે અને તેમ તેમ ઈચ્છાઓ-વાસનાથી નિવૃત્તિ થવાને બદલે તેવી અને તેને આનુસંગિક ઈચ્છાઓ-અપેક્ષાઓ વધ્યા જ કરે છે અને જે પદાર્થોથી નિવૃત્તિ આપે છે એવી ઈચ્છા-વાસના-આત્મરૂપ-આત્મજ્ઞાન તો આપણને બધાને પ્રાપ્ત થયેલું જ છે, આથી સર્વે જનોએ, એ જ્ઞાનનો ઉપયોગ કરી વાસનાઓ-ઈચ્છાઓ પર કાબૂ મેળવવો જોઈએ. વાસનાઓનું શમન કરવું જોઈએ.'

ઈચ્છાઓને કોઈ અંત નથી. આશાઓ-અપેક્ષાઓ મૃગજળ જેવી છે. તેની પાછળ પડવાથી તે દૂરને દૂર જતી રહે, એમ ઈચ્છાઓ કદી જ પૂર્ણ થતી નથી. મનમાં એક ઈચ્છા જન્મે કે પૂરી કરવા માણસ તનતોડ પ્રયત્ન કરે અને બધું જ ભૂલી જઈ એ પામવાના પ્રયત્ન કરે. જેવી એ ઈચ્છા પૂરી થાય કે તરત ચંચળ મન વાંદરાની જેમ બીજી ઈચ્છા પર કૂદકો મારે છે!

માણસને સાચી સમજ-જ્ઞાન થાય કે આ બધું જ વ્યર્થ છે - નકામું છે - સંતોષ અને નિર્લેપભાવ આવે ત્યારે જ એમાંથી મુક્તિ મળે.

સુવિચાર

- જીવતર સાંઠો શેરડીનો, વચમાં દુઃખની ગાંઠો રે, કદીક હોય મઝધારે ઝૂઝવું, કદી મળી જાય કાંઠો રે - **લાલજી કાનપરિયા**
- મૃત્યુ એ જિંદગીની મોટામાં મોટી ખોટ કદાપિ નથી, મહાન ખોટ તો એ છે કે, જીવનની ભીતરમાં જ રહેલું મૃત્યુ દેખાતું જ નથી. - **એસ. ભટ્ટાચાર્ય**
- જેના સમાગમથી આરામ થાય તે કલાને કલા ન કહેવાય, પરંતુ જેનાથી આત્મા પરમાનંદમાં લીન થાય તેને કલા કહેવાય. - **માનસસૂત્ર**
- માણસે ભારરહિત જીવન જીવવા માટે આડંબર અને અસત્યને તિલાંજલી આપવી પડે - **ફ્રેડરિક નિત્શે**
- 'જીવનની માવજત એ જ ઉપાસના'. મનુષ્યજાતને મળેલું જીવન એ ખુદ ઈશ્વરનો ઉપકાર છે. એને ઉત્સવની જેમ ઊજવવું જોઈએ. - **શ્રી અરવિંદ**
- જ્યાંથી વાણી મનની સાથે અથડાઈને પરાવર્તિત થાય છે તે અદ્‌ભુત બ્રહ્મનો આનંદ અનુભવનાર કદી ડરતો નથી. એ ભક્તિની ચરમસીમા છે. - **સંસ્કૃત સુભાષિત**
- દુનિયામાં જે કોઈ દુઃખી છે તે કેવળ પોતાના સુખની ખેવના કરવાથી દુઃખી થાય છે, અને જે કોઈ સુખી છે તે અન્ય લોકોના સુખ માટે પ્રયત્નશીલ હોવાથી સુખી થાય છે. - **જનકલ્યાણ** (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

મણિપુરના ચંદેલમાં બનેલી ઘટનાના પ્રત્યાઘાત સ્વરૂપે બનેલી સૈન્યની કાર્યવાહી ખરેખર બિરદાવવા લાયક છે. 'કાશ્મીરમાં આવું કેમ નથી થતું?' એ પ્રશ્ન પણ સાથે મનમાં ઊભો થાય એ હકીકત છે. માત્ર કિલ્લો-સરહદ લોખંડી હોય એટલું જ મહત્ત્વનું નથી, તેમાં રહેતા રક્ષકો પણ લોખંડી રાષ્ટ્રીયતા ધરાવનારા વફાદાર નાગરિકો હોવા જોઈએ.

રાજાએ મજબૂત કિલ્લો બનાવ્યો. કયાંયથી કોઈ પ્રવેશી જ ન શકે. અને ચોવીસ કલાકના પહેરેદાર રાખ્યા. રાજાને પોતાની કિલ્લેબંધી પર ગર્વ હતો. પ્રધાન કહે, માત્ર કિલ્લો મજબૂત હોય એનો કોઈ અર્થ નથી. એના ચોકીદાર પણ મજબૂત મનોબળવાળા હોવા જોઈએ.

એક સાંજે રાજા-પ્રધાન નગર બહાર નીકળી ગયા - મોડી રાત્રે સંત્રી પાસે આવ્યા. વેશ-પરિવર્તન કર્યું. મંત્રીએ પોતાનું જ નામ લઈ કહ્યું, 'મંત્રીને મળવું છે. અગત્યની બાતમી આપવી છે.'

સંત્રીએ શરૂઆતમાં મક્કમપણે ના કહી - 'સવારે આવજો.' પરંતુ સોનામહોરની કોથળી કાઢી - બતાવી અને સંત્રી પીગળી ગયો!

પાટીદારોનું અનામત આંદોલન વેગ પકડે છે

તંત્રી સ્થાનેથી....

પાટીદારોની સરકાર ગણાતી ભાજપ સરકાર દ્વારા લાખ મનામણાં છતાં અનામત મુદ્દે પાટીદાર સમાજની ચળવળ દિનપ્રતિદિન ઉગ્ર બનતી જાય છે. વીસનગરનો તણખો વીસનગરમાં જ બુઝાઈ જાય એ દિશામાં રાજય સરકાર અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ એકમે ઘણા પ્રયાસો કર્યા પરંતુ એમાં એમને ધારી સફળતા સાંપડી નથી. પાટીદારોની આ અનામત ચળવળ પાછળ કૉંગ્રેસનો હાથ હોવાનો આક્ષેપ અને પ્રચાર પણ કરાયો, પરંતુ એથી તો ઊલટા આંદોલનકારી પાટીદાર અગ્રણીઓનો અહં ઘવાયો અને આંદોલન પાછળ કોઈ રાજકીય પરિબળ કામ કરતું હોવાની વાત કરી શાસકપક્ષ પોતાની નિષ્ઠા પર જ ઘા કરી રહી હોવાનું અર્થઘટન કરાયું. પરિણામે વિશેષપણે પાટીદાર યુવાવર્ગ વધુ ઉત્સાહપૂર્વક આંદોલનને રાજ્યવ્યાપી બનાવવા સંકલ્પબદ્ધ બન્યો હોય એમ લાગે છે. વરસતા વરસાદમાં વિજાપુર ખાતે નીકળેલી રેલી કે પાટનગરમાં તેમજ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રનાં નાનાં-મોટાં શહેરોમાં મોટા પાયે પ્રદર્શન કરવાના નિર્ણય પાછળ આ જ માનસિકતા કામ કરી રહી હોય એમ લાગે છે. અરવલ્લી જિલ્લામાં તો પાટીદારોએ છેલ્લા ઉપાય લેખે 'ગૂર્જરવાળી' સુધ્ધાં કરવાની ધમકી આપી દીધી છે. 'ગૂર્જરવાળી' અર્થાત્ ચક્કાજામ. રેલવે સહિત તમામ પ્રકારનો વાહનવ્યવહાર ખોરવી નાખવા સહિતની ભાંગફોડિયા ચળવળનો આશ્રય લેવા સુધીની તત્પરતા દર્શાવી રહેલા પાટીદાર ઍક્ટિવિસ્ટોને પાટીદારો માટે અનામત માગવાનું આટલાં વર્ષો પછી કેમ સૂઝ્યું હશે તે એક કોયડો તો છે જ. આવી જ ચળવળ ચિમનભાઈ પટેલ, બાબુભાઈ જશભાઈ પટેલ કે કેશુભાઈ પટેલના શાસનકાળમાં અથવા બિન-પટેલ મુખ્યમંત્રીઓ - અમરસિંહ ચૌધરી, છબીલદાસ મહેતા, શંકરસિંહ વાઘેલા કે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમય દરમિયાન નહોતી થઈ તે શું સૂચક નથી? આનંદીબહેન પટેલ સામે ભાજપના જ અસંતુષ્ટોનું આ છૂપું ષડયંત્ર તો નથી? આંદોલનકારીઓ કોઈ અભણ-અજ્ઞાની લોકો નથી. બંધારણ અને સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ ૫૦ ટકાથી વધારે અનામત આપી શકાતી નથી, તે બાબત સર્વવિદિત છે. અત્યારે અનુસૂચિત જાતિ - જનજાતિ અને બક્ષી જાતિઓ - સામાજિક અને શૈક્ષણિક સંદર્ભે પછાત વર્ગોને આપવામાં આવતી અનામતનો સરવાળો લગભગ પચાસ ટકાએ પહોંચી ગયેલો છે. આવા સંજોગોમાં ગમે તેવાં ઉગ્ર આંદોલનો પછી પણ પાટીદાર સમાજની અનામત મેળવવાની મંશા તો બર આવી શકે એમ નથી. જો આટલી સાદી સમજણ સાથે પાટીદાર સમાજના અગ્રણીઓ પાટીદાર સમાજમાંથી જ આવતાં મહિલા મુખ્યમંત્રી સાથે ખુલ્લા મનથી ચર્ચાવિચારણા કરવા તૈયાર થયા હોત તો લાખો-કરોડોના ખર્ચે ગુજરાત-સૌરાષ્ટ્રમાં આયોજિત કરાઈ રહેલી રેલીઓ અને એથી થનાર સંભવિત નુકસાન નિવારી શકાયું હોત. બીજું કંઈ નહીં તો આવાં આયોજનોથી લાખો માનવકલાકો બગડે છે, વિકાસ રૂંધાય છે અને સમાજમાં અન્ય જ્ઞાતિઓ પ્રત્યે વિદ્વેષ સરજાય છે, તે અટકાવી શકાયું હોત. પાટીદારો અનામત માગવા લાગ્યા એટલે ક્ષત્રિય સમાજમાં પણ સળવળાટ શરૂ થયો છે. ગાંધીનગરમાં પાટીદારોની રેલી નીકળે છે એની સામે રાજપૂત સમાજે આગામી ૬ ઑગસ્ટના દિવસે ઉપવાસ અભિયાન માટે મંજૂરી માગી છે. અનામત માટે ફક્ત આર્થિક પછાતપણાનો જ બેઝ જોઈએ - નહીં કે જ્ઞાતિનો, તે મુદ્દો વિચારવા જેવો છે. શું સરકાર આવી કોઈ મૌલિક પહેલ કરશે?

'રામચરિત માનસ' વ્યાકરણનો ગ્રંથ નથી, આચરણનો ગ્રંથ છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

રામચરિત માનસ, ભગવદ્‌ગીતા, મહાભારત સહિતના હિન્દુ ધર્મના ગ્રંથો જ નહિ, વિશ્વના તમામ ધર્મોનાં ધાર્મિક પુસ્તકો અને બુદ્ધ પુરુષોની વાણી વિશે સાહજિક સત્સંગ ચાલી રહ્યો હતો.

વહેલી સવારનો સમય, સૂર્યનારાયણ એમનાં કિરણો લઈને આવી પહોંચ્યા હતા. દરિયાકિનારે, ધીમે ધીમે વધી રહેલી ભરતીનાં મોજાં, ક્યાંક રેતીના ઢગલા અને ક્યાંક ખંડિત પથ્થરો વચ્ચે એક જ્ઞાની પુરુષના સાંન્નિધ્યમાં થોડાક યુવાનો બેઠા હતા.

'ધાર્મિક પુસ્તકો રોજેરોજ વાંચવાથી કે માત્ર ગોખી જવાથી કોઈ ફાયદો થવાનો નથી.'

સંવાદ દરમિયાન જ્ઞાની પુરુષનો ધીર-ગંભીર અને વાત્સલ્યમયી અવાજ ગુંજ્યો...

કોઈ સાધકે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાની પુરુષે આ વાક્ય કહ્યું હતું.

અહીં બેઠેલા તમામ શ્રોતાઓને આ જ્ઞાની પુરુષના આચાર-વિચારમાં પૂર્ણ શ્રદ્ધા અને સમર્પણ હતાં. એમની સાધના અને ચૈતસિક જાગૃતિમાં સહુને અપાર શ્રદ્ધા હતી. જયશીલ પણ એમાંનો એક હતો. પરંતુ આ વાક્ય સાંભળ્યું અને તે ચોંકી ઊઠ્યો. બહાર સમુદ્રમાં ભરતીના જેટલા ઉછાળા હતા એટલા જ એના આંતરિક મનોજગતમાં પણ છવાતા ગયા.

સંવાદ પૂરો થયો એનો પણ એને ખ્યાલ ન રહ્યો. બાજુમાં બેઠેલા સાથીએ ખભે હાથ મૂકીને ધ્યાન દોર્યું ત્યારે ખબર પડી કે બધા વિખરાતા જાય છે. એની દૃષ્ટિ જ્ઞાની પુરુષ પર પડી. બંનેની આંખો મળી. જયશીલને ખ્યાલ આવી ગયો કે છેલ્લી ૧૦-૧૫ મિનિટની પોતાની માનસિક દ્વિધાનો એ બુદ્ધ પુરુષને ખ્યાલ આવી ગયો છે. સહુ છૂટા પડ્યા.

'શું યાર, વિચારે ચઢ્યો છે?' રૂમ પાર્ટનરે ઢળતી સાંજે જયશીલને પૂછ્યું, ''અરે દોસ્ત, સમજણ નથી પડતી....''

''શેની સમજણ?''

''સમજણ વિકસી ત્યારથી મેં અને તેં, આપણે સહુએ ઘરમાં સમાજમાં - મંદિરમાં - સત્સંગમાં વડીલોને ધાર્મિક ગ્રંથોના અનુષ્ઠાન કરતા જોયા છે, ૧૦૮ પરિકમ્મા કરતા જોયા છે. શાળા-કૉલેજના સમયમાં શ્લોકગાન કે દોહા - ચોપાઈ અને આખા ને આખા પેરેગ્રાફ ગોખીને તો આવ્યો છું... ને આજે આ નવી વાત સાંભળી કે માત્ર કંઠસ્થ કરવાથી કે વાંચવાથી કોઈ ફાયદો ન થાય...''

''જો સાંભળ એ જ્ઞાની પુરુષ છે. સમજદારી સાથે જ બોલ્યા હશે ને! તને પણ સમય આવ્યે સમજાશે... ચલ, આરતીટાણું થાય એ પહેલાં દરિયે આંટો મારતાં આવીએ.'' જયશીલના મિત્રે કહ્યું...

બંને દરિયાકિનારે પહોંચ્યાં. ઢળતી સાંજે પ્રવાસીઓ અને પ્રકૃતિપ્રેમીઓની ખાસ્સી આવન-જાવન હતી. ધીમે ધીમે આકાશમાં સંધ્યાના રંગો વિખેરાયા... અંધકારનું આવરણ છવાતું ગયું...અચાનક જયશીલના ખભા પર પાછળથી કોઈએ હાથ મૂક્યો... એ ડર્યો પણ નહિ અને ચોંક્યો પણ નહિ... અનુભૂતિની પાકટ અવસ્થાએ પહોંચેલા જયશીલને ખ્યાલ આવી ગયો કે એ વાત્સલ્યમયી સ્પર્શ જ્ઞાની પુરુષનો જ છે...

કોઈ સંવાદ વિના ત્રણે આશ્રમનાં મંદિરે પહોંચ્યાં... જ્ઞાની પુરુષ જયશીલને મંદિરના ગર્ભગૃહમાં લઈ ગયા... યોગ્ય જગ્યાએ દિશા નિર્દેશ કરી પૂછ્યું, આ શું છે?

બધી જ વસ્તુનું નિરીક્ષણ કરી જયશીલે કહ્યું 'બાકસ, રૂની વાટ, ઘી અને દીવડી...'

'સારું, ચાલો બેટા, આરતી કરો...' મર્માળુ હાસ્ય સાથે તેઓએ જયશીલને કહ્યું.

દીવડો પ્રગટ્યો. મધુર ઘંટારવ વાતાવરણમાં પ્રસર્યો-સમૂહસ્વરમાં ઉપસ્થિતોએ આરતીનું ગાન કર્યું. બે-ત્રણ ભજન ગવાયાં. ને મંદિરની બહાર સરસ મજાની બેઠક પર સહુ બેઠાં. જ્ઞાની પુરુષે જયશીલને કહ્યું, ''બેટા, તારા મનમાં ચાલતો ઉધમાન મને તારા ચહેરા પર દેખાય છે.''

''આપે કહ્યું એટલે વાત સાચી જ હશે, પણ હું બાળપણથી...''

'સાચી વાત છે બેટા,' એની વાતને ત્યાં જ અટકાવતાં જ્ઞાની પુરુષે કહ્યું...' જો તેં હમણાં દીવો પ્રગટાવ્યો ત્યારે મંદિરમાં બાકસ, ઘી-દીવડી ને વાટ તો હતાં જ, પણ અજવાળું ન હતું. તારે પ્રયત્ન કરવો પડ્યો દીવો પ્રગટાવવાનો. એમ જ વિશ્વના તમામ ધર્મોના ધર્મગ્રંથોમાં માનવમાત્રના સાંસારિક જીવનના પ્રશ્નોના ઉકેલ પડ્યા છે જ, પરંતુ એને ઉકેલવા પડે છે. માત્ર ધાર્મિક પુસ્તકો વાંચવાથી કે ગોખવાથી, સાંસારિક વાતો કરતાં-કરતાં પ્રદક્ષિણા કરવાથી, માળા ફેરવતી વખતે ચારેબાજુ ચિત્તને વિચલિત કરવાથી, મૂર્તિ સામે ધ્યાનમાં બેસીને ધંધાના કે વ્યાવહારિક જગતના વિચારો કરવાથી કશું વળતું નથી. માત્ર સાધનોની ઉપલબ્ધિથી નહિ, સાધના કરવાથી સિદ્ધિ મળે છે. ધર્મગ્રંથોના એકેએક અક્ષરમાં અખંડ ઊર્જા છે, ચેતના છે પરંતુ એને સમજપૂર્વક વાંચીએ તો એની સાહજિકતાનો સ્પર્શ થાય છે. શબ્દો વાંચીને સમજવા પડે છે. પછી એને અનુરૂપ જીવવું પડે છે ત્યારે સમજાય છે કે આ શબ્દો થકી જીવન ઝળાંહળાં થાય છે. સમજાયું ને બેટા?

(અનુસંધાન પાના નં. ૭ પર)

મળ્યું છે તો આપતો જાજે રે...

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

આપણે જે યુગમાં જીવીએ છીએ તેને હરીફાઈનો યુગ કહી શકાય. હરીફાઈનું તત્ત્વ જો કે સહજ રીતે જ માનવીના મનમાં હંમેશા રહેલું હોય છે. પરંતુ સાંપ્રતકાળમાં આ હરીફાઈના તત્ત્વનું જે પ્રમાણ - Scale- છે તે અસાધારણ છે. આ શૈક્ષણિક વર્ષમાં દિલ્હીની સ્ટીફન કૉલેજની અમુક વિદ્યાશાખામાં પ્રવેશ માટેનું છેલ્લું ધોરણ Cut off marks - 98% ઉપર છે તેવા અહેવાલ જોવા મળેલા છે. આ બાબત હરીફાઈની તીવ્રતા દર્શાવે છે. વ્યાવસાયિક અભ્યાસક્રમો અને તેમાં પણ તબીબી અભ્યાસક્રમમાં જે જગ્યાઓ ભરવાની હોય તેનાથી અનેકગણા વધારે વિદ્યાર્થીઓ હોય છે. ગમે તે ભોગે પ્રવેશ મેળવવાની ઘેલછા એવી છે કે પરીક્ષાર્થી ખૂબ મહેનત કરે તે ઉપરાંત પિતા કે વડીલો પણ પાછલા બારણેથી થઈ શકતા હોય તે તમામ પ્રયાસો કરે. સરવાળે કેટલાક પ્રસિદ્ધ તથા ચર્ચાપદ admission test કાનૂની દરમિયાનગીરીથી રદ કરવા પડે! સરકારી નોકરીઓમાં ભરતી માટે યોજવામાં આવતી પરીક્ષાઓના પણ કેટલાક કિસ્સામાં આવા જ હાલ! નિવૃત્ત ન્યાયમૂર્તિ અને વિદ્વાન શ્રી ચંદ્રશેખર ધર્માધિકારીજીએ વિદ્યાપીઠમાં તાજેતરમાં યોજવામાં આવેલા એક પ્રવચનમાં આ માનસિક સ્થિતિના મૂળ તરફ દૃષ્ટાંત આપીને ધ્યાન ખેંચ્યું. યુરોપના એક દેશના સંદર્ભમાં તેમણે કહ્યું કે, શાળામાં દાખલ થયેલા એક બાળકે શાળાથી ઘેર આવ્યા બાદ ઉત્સાહથી માતાને કહ્યું કે, મારા વર્ગમાં મારી આસપાસ ચાર-પાંચ વિદ્યાર્થીઓ બેસે છે. આ બધાને મિત્ર બનાવ્યા તેની વધાઈ બાળકે નિર્દોષતાથી માતાને કહી સંભળાવી. માતાએ ઠાવકું મોં કરીને જવાબ વાળ્યો : 'જો! હું તને ચેતવું છું. એ બધા તારા ભવિષ્યના હરીફો છે! તારે તેમનાથી આગળ જવાનું છે.' આ ભાવનું નિરૂપણ બાળકમાં થાય તો સ્વસ્થ અને સંવેદનશીલ સમાજનું નિર્માણ એ દૂરનું સ્વપ્ન બની રહે. આ સંદર્ભમાં સહજ રીતે રોજિંદા જીવનમાં પાળવામાં આવતા સહજ ધર્મ બાબતમાં ગાંધીવાદી શિક્ષણશાસ્ત્રી નવલભાઈ શાહે કરેલી વાત સાંભળ્યા પછી વીસરી શકાય તેવી નથી. નવલભાઈ કહે છે :

એક સજ્જન વહેલી સવારે છાપાના ફેરિયાને રોકીને એક અખબાર માગે છે. ફેરિયો કહે છે, સાહેબ! હું તમને અખબાર નહિ આપી શકું. સજ્જન થોડા ચિડાઈને કહે છે કે કેમ ન આપી શકે? તું છાપાનું વેચાણ કરીને તો તારી આજીવિકા મેળવે છે. ફેરિયો કહે છે કે, એ વાત ખરી પરંતુ જે જગ્યાએ આ સંવાદ ચાલતો હતો તે તથા નજીકની બે શેરી ફેરિયાઓએ સ્વેચ્છાથી લિમ્પી નામના છોકરા માટે અનામત રાખી છે. સજ્જને વિશેષ પૂછપરછ કરી તો ફેરિયાએ સમજાવ્યું કે તેમના બાળમિત્ર લિમ્પીએ બીમારીમાં એક પગ ગુમાવ્યો છે. લિમ્પી પણ અખબારની ફેરી કરીને જ પોતાનું અને જૈફ ઉમંરની માતાનું ભરણપોષણ કરે છે. હવે લિમ્પી બિચારો ઘોડી લઈને લાંબી દોડાદોડ કયાંથી કરી શકે ? આથી અમે ફેરિયાઓએ નક્કી કર્યું છે કે, આ ત્રણ શેરી-જે લિમ્પીના ઘરની નજીકમાં છે ત્યાં- લિમ્પી જ ગ્રાહકોને અખબારનું વિતરણ કરે. બાકીના ફેરિયાઓ સ્વેચ્છાથી ત્યાં અખબારનું વેચાણ કરે નહિ. એટલામાં જ લાકડાની ઘોડીની મદદથી આવતો લિમ્પી દેખાયો. સજ્જને લિમ્પી પાસેથી અખબાર ખરીદીને તીર્થસ્થાનમાં કરેલા સ્નાનની ધન્યતા અનુભવી! કૉર્પોરેટ જગતમાં જયારે વેપાર વધારવા માટેના તમામ સાચા-ખોટા પ્રયાસો કરવાની નવાઈ રહી નથી ત્યારે સામાન્ય માનવીની આ વૈચારિક ઊંચાઈ જીવનની એક તેજોમય દિશાનું દર્શન કરાવે છે. કવિ ત્રાપજકરના શબ્દો યાદ આવે.

મંદિરો કે મહેલ ન થાજે!
હીરો ના લાખનો થાજે!
રેઢા કોઈના ખેતરે તારા
હાડનાં ખાતર નાખતો જાજે રે!
મળ્યું છે તો આપતો જાજે રે...!

એફ.ટી.આઇ.આઇ.નો ગજેન્દ્રમોક્ષ થશે?

કેમ્પસ
દ્વનિલ પારેખ

હમણાં શૈક્ષણિક સંસ્થાઓમાં થયેલી નિમણૂંકો અને સરકારની દખલગીરીને કારણે ઘણા બધા વિવાદો દેશભરમાં સામે આવી રહ્યા છે. આવો એક વિવાદ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યો છે. એ એફ.ટી.આઈ.આઈ.ના અધ્યક્ષની નિમણૂકનો છે. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (એફ.ટી.આઈ.આઈ.) પુના સ્થિત આ સંસ્થા માધ્યમની શૈક્ષણિક અને સંશોધનને વરેલી રાષ્ટ્રીય સંસ્થા છે. આ સંસ્થાના અધ્યક્ષ તરીકે સરકારે ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તિ કરી છે અને ત્યાંથી વિવાદ શરૂ થયો છે.

મહાભારતના યુધિષ્ઠિર તરીકે જાણીતા ગજેન્દ્ર ચૌહાણે ઘણી બધી સિરિયલો અને ફિલ્મોમાં કામ કર્યું છે. પ્રશ્ન એ છે કે એમાં નોંધપાત્ર કામ કેટલું. મહાભારત ધારાવાહિકનાં મોટા ભાગનાં પાત્રો એ ધારાવાહિકની લોકપ્રિયતાને કારણે જ જાણીતાં થયાં હતાં. ગજેન્દ્ર ચૌહાણે યુધિષ્ઠિર તરીકે અદ્‌ભુત ભૂમિકા ભજવી હતી એટલે તેઓ જાણીતા થયા-એવું માનવું ભુલભરેલું છે. ગજેન્દ્ર ચૌહાણને યાદ કરો, યુધિષ્ઠિર સિવાય કોઈ ભૂમિકામાં યાદ આવે છે! હવે, આવા સામાન્ય કક્ષાના અભિનેતાને આવી રાષ્ટ્રીય સંસ્થાના અધ્યક્ષ બનાવવામાં આવે ત્યારે વિવાદ સર્જાય એ સ્વાભાવિક છે.

અખબારોમાંથી મળતી માહિતી અનુસાર તો આ સંસ્થાના વિદ્યાર્થીઓ પણ અધ્યક્ષ તરીકે ચૌહાણને સ્વીકારતા નથી અને એમને દૂર કરવા માટે આંદોલન

ચલાવી રહ્યા છે અને દિલ્હી સુધી વિદ્યાર્થીઓ પોતાનો મોરચો લઈ જવાના છે. સાંભળવા મળ્યું છે એ પ્રમાણે આ સંસ્થાના અધ્યક્ષપદે નિયુક્ત થવા માટે અમિતાભ બચ્ચન અને ગુલઝાર જેવા પ્રતિષ્ઠિત નામો પણ હતાં. આવાં પ્રતિષ્ઠિત નામો બાજુ પર રહે અને ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તિ થાય ત્યારે સંસ્થાના વિદ્યાર્થીઓ સહિત આ માધ્યમ સાથે સંકળાયેલાં સહુને પ્રશ્ન થાય. પ્રશ્ન થવો પણ જરૂરી છે. અત્યારે આ મામલે બધી આંગળીઓ ચૌહાણ સામે તાકવામાં આવી છે અને એમણે મીઠું મૌન સેવી રાખ્યું છે.

ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તિ વખતે એમના કયા ગુણોને ધ્યાનમાં રાખવામાં આવ્યા? માત્ર એક ફકરાનો એમનો પરિચય રજૂ થયો અને એમને નિયુક્તિ આપવામાં આવી. રાષ્ટ્રીય સંસ્થાઓના સ્તરને સુધારવાના પ્રયત્નો વધુને વધુ થવા જોઈએ, પણ જો આવી સામાન્ય સ્તર ધરાવનારી વ્યક્તિઓ જ એના અધ્યક્ષ બની બેસવાની હોય તો સ્તર સુધારવાની વાત માત્ર હવા સાબિત થશે. રાષ્ટ્રીય સંસ્થાઓ દેશની પ્રતિનિધિરૂપ સંસ્થાઓ હોય છે. આ સંસ્થાઓ કેવા પ્રકારનું કામ કરે છે, અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંશોધનાત્મક ગુણવત્તા કેવા પ્રકારની છે, અધ્યક્ષ અને અન્ય ફેકલ્ટીઓની લાયકાત શી છે, એના આધારે સંસ્થાની સમગ્ર ઓળખ ઊભી થતી હોય છે. આમાં અધ્યક્ષની ભૂમિકા મહત્ત્વની હોય છે. અધ્યક્ષ પોતે જ દિશાશૂન્ય હોય તો એ સંસ્થાની દોરવણી યોગ્ય રીતે કરી શકે કે કેમ? ગજેન્દ્ર ચૌહાણના કિસ્સામાં તો અત્યારે આ જ વાત સાચી લાગી રહી છે, કે એફ.ટી.આઈ.આઈ.નું ભાવિ ડામાડોળ છે. ફિલ્મ અને ટીવી આજે સશક્ત માધ્યમ છે. આવા સશક્ત માધ્યમ સાથે સંકળાયેલી દેશની રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા વિવાદમાં સપડાય ત્યારે એ માધ્યમ સામે પણ ખતરો ઊભો થયો લાગે. ફિલ્મ અને ટીવી સાથે સંકળાયેલાં સૌ અત્યારે ગજેન્દ્ર ચૌહાણનો વિરોધ કરી રહ્યાં છે. જોઈએ, સંસ્થાનો ગજેન્દ્રમોક્ષ ક્યારે થાય છે?

સારું છે કે કર્ણ અને એકલવ્યે અનામત ન માગ્યું!

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

કલ્પના કરો તો! સૂતપુત્ર કર્ણ અને ભીલ એકલવ્યે જો અનામતની માગણી કરીને આંદોલન ચલાવ્યું હોત તો...! તો શું કૌરવ-પાંડવોનું મહાભારત નહીં, પરંતુ વ્યાસજી અનામતના મહાભારતમાંથી જ બહાર ન આવી શક્યા હોત!

કર્ણ અને એકલવ્યને તે સમયે અન્યાય થયો પરંતુ સામા પૂરે તરીને તેમણે પોતાની જે ઓળખ ઊભી કરી તેના લીધે જ તે બંને આજે પણ દૃષ્ટાંતરૂપ બની રહ્યા છે. ગુરુ પ્રત્યેની સાચી નિષ્ઠાની વાત આવે છે કે શ્રેષ્ઠ ધનુર્ધરની વાત નીકળે ત્યારે અર્જુનની લગોલગ આ બંને પણ ગોઠવાઈ જ જાય છે. અરે! ઊલટાનું અર્જુનને રાજકુમાર હોવાની ફેવર મળી તેથી તે આપણને કર્ણ અને એકલવ્ય કરતાં ઊણો પણ ઊતરતો દેખાય છે.

સકસેસ કે પીછે નહીં, કાલેબિયત કે પીછે ભાગો! સકસેસ જખ માર કે પીછે પીછે આયેગી! આવી વાત ભૂતકાળમાં કેટલાય રણછોડદાસ ચાંચડ કહી ગયા છે! પરંતુ તેની કોઈ અસર પડી હોય તેવું લાગતું નથી.

અમુક તથ્ય સોશ્યલ સાઈટ્સ પર ફરી રહ્યાં છે -

જો પ્રધાનમંત્રી દ્વારા સક્ષમ વ્યક્તિઓ સબસીડી છોડે તેવી અપીલ થઈ શકે તો સક્ષમ વ્યક્તિઓ અનામત છોડે તેવી અપીલ કયારે? કોઈ ચોકક્સ જાતિવાળા કોઈ વ્યક્તિઓએ કયારેય સામેથી આવીને એવું કીધું કે અમને રીઝર્વેશનમાંથી કાઢી નાખો - પચાસ વર્ષથી અનામત મળે છે, અમે હવે પછાત નથી. આગળ આવી ગયા છીએ...

કદાચ, દરેક શાણો અને સમજુ વ્યક્તિ જાણે છે કે અનામતનું તૂત ખોટું છે, અને દેશને પાછળ ધકેલે છે. રાજકારણીઓને તો વોટબૅન્ક દેખાય છે, પણ મીડિયા પાસે આજે જે અસીમિત પાવર છે તે ૨૪ કલાક બકવાસ ન્યૂઝ પાછળ બગાડે છે, તે જ જો આવી ચર્ચા પાછળ કે હેલ્ધી સોલ્યુશન લાવવાની નેમ સાથે લોકો વચ્ચે વાત મૂકે તો ચોક્કસ ફળ મળે.

બૅન્કની ભરતીમાં પણ અનામતના નામે અન્યાય થાય છે. જનરલ કેટેગરીવાળા માટે અને અનામતવાળા માટે કટ ઑફ અલગ અને ઓછા હોય છે. આવું કેમ? વધુ માર્ક્સ હોવા છતાં જનરલવાળાને તક શા માટે નહીં? જસ્ટ બિકોઝ એ જનરલમાં છે એટલે ઓછા હોશિયાર થઈ ગયા? રિઝર્વ માટે ફી ઓછી, પ્રમોશન ક્રાઈટેરિયા તેમના માટે અલગ... જનરલ લોયર નોટરીનું લાયસન્સ ૧૦ વર્ષના અનુભવ પછી લઈ શકે, રિઝર્વેશનવાળાને ૭ વર્ષમાં !!!

જનરલ કેટેગરીવાળા માટે આજે કયાંય પણ પહોંચવું એ કોઈ હર્ડલ રેસ સમાન છે. બધા જ પડકારો તેમના માટે જ છે... મેડિકલથી માંડીને ઍન્જિનિયરિંગ સુધી બધે આવું જ ચાલે છે...

એક બાજુ કહેવાય છે કે જાતિ આધારિત ભેદ ન પાડો... જૈનોને લઘુમતી મળી, હવે પાટીદાર માગી રહ્યા છે. કાલે કોઈ બીજા માગશે. ભાગલા કરો અને રાજ કરો-ની નીતિ અંગ્રેજો વખતથી ચાલે છે, આજે પણ ચાલુ છે - ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતે એવું ઈચ્છતા હતા કે પાંચ કે દશ વર્ષ પછી ક્રમાનુસાર અનામત ઘટાડતા જવું...

આર્થિક માપદંડોને આધારે અનામત આપો ને! આર્થિક રીતે પછાત બ્રાહ્મણ હોય તેને પણ અનામતનો લાભ મળે.

SSC થી લઈને IAS

સુધીની તમામ પરીક્ષાઓમાં તેમના કટ ઑફ માર્ક્સ ઓછા. સિવિલ સર્વિસીઝમાં જનરલવાળો ૪ ટ્રાયલ આપી શકે, અનામતવાળો ગમે તેટલી વાર પરીક્ષા આપી શકે...

દેશ બદલાઈ રહ્યો છે, પેઢીઓ બદલાઈ રહી છે - જે અસ્પૃશ્યતા, જે ભેદભાવ ભુલાઈ રહ્યા છે, તેને કયાં સુધી અનામતની મશાલથી સળગાવતા રહેવાના! અનામતની પ્રથાનો સૅચ્યુરેશન પોઈન્ટ આવી ગયો છે... બિન અનામતીઓ હવે અનામતીઓનો ભાર વેંઢારવા તૈયાર નથી... જનરલ કેટેગરીવાળો માને છે કે શા માટે અમે ભોગવીએ... અમે કોઈનું કાંઈ બગાડ્યું નથી... તો અમારી આવનારી પેઢીના હકનું શા માટે છિનવાવા દઈએ... પાટીદારોનો હોબાળો પણ આવો જ કાંઈક છે.. કાં તો અમને પણ અનામત આપો અથવા સંપૂર્ણ નાબૂદ કરો...

નવી પેઢીને એમાં રસ નથી કે ભૂતકાળ શું હતો... દલિતો પર કેટલા અત્યાચાર થયા! અને કયા સંજોગોમાં અનામત-પ્રથા લાગુ કરાઈ... OK તે સમયે આમ કર્યું હશે... હવે અત્યારે અમારા ભવિષ્ય સાથે ચેડાં શું કામ? ગળાકાપ હરીફાઈ અને 'નૉલેજ ઈઝ પાવર'ના યુગમાં આ માનસિકતા ક્યાંય ફિટ નથી થવાની...

સૂતપુત્ર કર્ણ અને ભીલપુત્ર એકલવ્યે જે રીતે સ્વાભિમાનથી પોતાનું કદ વધાર્યું હતું... તે કદ ને બટ્ટો તો ન લગાડો યારો!

● લઘુ સંદેશ સેવા :

'જે દેશમાં પ્રતિભાવાનને મુખ્યધારામાંથી ફેંકીને સામાન્યથી પણ બદતર કક્ષાવાળાને વ્યાસપીઠ પર બેસાડવામાં આવે છે, એ સમાજ આત્મઘાતની દિશામાં આગળ વધી રહ્યો છે.'

- ચંદ્રકાન્ત બક્ષી